# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/ક્વા-૦૨/૨૦૨૨-૨૩/ ૬૧૭૯-૧ તારીખ : ૧૨ - ૦૯ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,
અંકુર એલ. વેકરીયા
C/o. ભવ્ય એન્ટરપ્રાઈઝ, કોઠારિયા રોડ, વેણું રેસ્ટોરન્ટ સામે, હુડકો પોલીસ ચોકી પાસે,,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૨
મોબાઈલ : ૯૨૭૬૮૨૨૬૬૦

વિષય : લોડ વધારાની અરજી અટકાવવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Nil, તા. ૦૫-૦૮-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૬/ક્વા-૦૨/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૬/ક્વા-૨/૨૨-૨૩/૬૨૭૯-૯** તા.૧૨/૦૯/'૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-0૬/ક્વા-૧/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : અંકુર એલ. વેકરીયા ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : વાવડી |
| રજૂઆત કરનાર | : અરજદારશ્રી વતી તેના પ્રતિનિધિ તરીકે શ્રી અંકુર એલ. વેકરીયા હાજર રહેલ છે. |

**:: વિરુધ્ધ ::**

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. શહેર વિભાગીય કચેરી નં – ૩ રાજકોટ |
| રજૂઆત કરનાર | : શ્રી એમ. આર. માકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી શહેર – ૩ અને તેમની સાથે શ્રી એ. કે. ઝાલા નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ., વાવડી અર્બન પેટાવિભાગીય કચેરી – રાજકોટ હાજર રહેલ છે. |

**:: ફોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |
| ૩) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન.જી. કારીયા |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પી.જી.વી.સી.એલ., ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૦૨.૦૯.૨૦૨૨ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૨.૦૯.૨૦૨૨ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ શીવ ઇન્ડસ્ટ્રીયલ - ૧ એરિયા, કોઠારિયામાં ગ્રાહક નં.૩૪૫૧૩/૪૭૫૬૧/૬ થી ભાવેશભાઈ પી. ભૂતના નામે વાવડી અર્બન પેટાવિભાગીય કચેરી હેઠળ LTMD વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં વીજભાર વધારો કરવા માટે તેઓ દ્વારા અનુક્રમે તા.૦૧.૦૬.૨૦૨૨ તથા તા.૨૦.૦૬.૨૦૨૨ ના રોજ અરજી કરેલ પરંતુ કોઇપણ કારણોસર સદર અરજી સંલગ્ન કચેરી દ્વારા રદ કરવામાં આવેલ. વધુમાં અરજદાર દ્વારા અનુક્રમે અરજી ક્રમાંક ૫૪૩૨૨, ૫૫૭૩૫ અને ૫૫૭૩૮ થી ત્રણ વખત ઓનલાઈન અરજી કરવામાં આવેલ તે અરજીઓ પણ કોઈ કારણોસર રદ થયેલ. અરજદાર વધુમાં જણાવે છે કે સદર બાબતે તેઓ દ્વારા બે થી ત્રણ વખત સંલગ્ન કચેરીનો રૂબરૂ સંપર્ક સાધતા, અધિકારી જુનિયર ઇજનેર પટેલ સાહેબને મળેલ. સદર અરજીઓ તેઓની વારંવારની

રુકાવટના કારણે રદ થયેલ છે. આમ, અરજી વારંવાર રદ કરી લોડ વધારો કરી આપેલ નથી. જેથી આર્થિક નુકશાન સહન કરવું પડેલ છે, તેમજ ખુબ જ હેરાન થઈ રહેલ છીએ તો અરજદાર રજૂઆત છે કે સદર જવાબદાર અધિકારી સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે, તેમજ અમોને સદર વીજજોડાણમાં વહેલી તકે લોડ વધારો કરી આપવામાં આવે તે માટે અમો અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે ગ્રાહક નં. ૩૪૫૧૩/૪૭૮૬૧/૬ નું વીજજોડાણ વાવડી પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ ધરાવે છે

3.૧ અરજદાર શ્રી ભાવેશભાઈ મોહનભાઈ ભૂત ગ્રાહક નં. ૩૪૫૧૩/૪૭૮૬૧/૬ ની લોડ વધારાની અરજી વાવડી પેટાવિભાગીય કચેરીમાં તા.૨૫.૦૬.૨૦૨૨ના રોજ ઓનલાઈન નં.૫૪૩૨૨ થી એ-૧ ફોર્મ અને જરૂરી ડોકયુમેન્ટ સાથે કરેલ. સદર અરજીની પેટાવિભાગીય કચેરી લેવલે ચકાસણી કરતા સદર ગ્રાહકના નામથી એકથી વધુ અર્થાત સાત વીજજોડાણ ચાલુ હોય અને તેનું ગ્રાહક વાઈસ લીસ્ટ પીઆરટી ૧૪૫ મુજબ વીજજોડાણોના ડેબીટ એરીયર્સ હોય તાત્કાલિક ભરપાઈ કરવા માટે અરજદાર ગ્રાહકને વીજજોડાણના નંબર સાથે બાકી રકમ બાબતે તેની અરજીમા અર્થાત એ-૧ ફોર્મમાં દર્શાવી બાકી રકમ બાબતે અરજદારને જાણ કરવામાં આવેલ જેથી આગળની કાર્યવાહી તાત્કાલિક થઇ શકે. પરંતુ સદર બાકી લેણી રકમ ગ્રાહક દ્વારા તા.૧૮.૦૭.૨૦૨૨ તથા તા.૨૬.૦૭.૨૦૨૨ ના રોજ ભરપાઈ કરેલ છે.

3.૨ અરજદાર દ્વારા ઓનલાઈન નં.૫૪૩૨૨૨ તા.૨૫.૦૬.૨૦૨૨ અને ઓનલાઈન નં.૫૫૭૩૫ તા.૧૪.૦૭.૨૦૨૨ થી લોડવધારાની અરજી કરેલ છે. સદર બાબતે જણાવવાનું કે હયાત વીજજોડાણમાં લોડ વધારા માટે ઓનલાઈન અરજી ફરજીયાત ન હોય અને ૧૦ KW ઉપરના નવા વીજજોડાણ માટેની અરજી ઓનલાઈન લેવાની વડી કચેરી દ્વારા જાણ કરેલ હોય જેથી ઉપરોક્ત નંબર વળી બંને ઓનલાઈન અરજી પેટાવિભાગીય કચેરીના ધ્યાને રહેલ નહિ અને સાત દિવસમાં કોઈ એક્શન ન લેવાતા ઓનલાઈન અરજી કેન્સલ થયેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપર દર્શાવ્યા મુજબ પી.જી.વી.સી.એલ. કંપનીના વીજજોડાણ માંગણી ફોર્મ એ-૧ ના પોઈન્ટ નં. ૧૨-૧૩-૧૪ મુજબ પી.જી.વી.સી.એલ.ના કાર્યક્ષેત્રમાં અરજદાર ગ્રાહકના નામે વીજબીલના નાણા બાકી હોય આ બાબતે ગ્રાહકને તાત્કાલિક જાણ પણ કરવામાં આવેલ છે. જે અરજદાર દ્વારા ફોરમમાં સદર બાબતે રજૂઆત કરેલ છે તેમાં સાથે જોડેલ એ-૧ ફોર્મમાં પણ તેનો ઉલેખ્ખ છે. આમ, ગ્રાહકશ્રીની અરજી અટકાવવામાં આવેલ નથી.

3.3 સદર વીજજોડાણોની રકમ ભરપાઈ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેની રૂબરૂમાં જાણ વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ. સદર વીજજોડાણની લોડવધારાની ૧૨+૧૦=૨૨ કી.વો.ની એસ.આર. નં. ૧૫૨૪૭૨૫૬ થી પડેલ જેનું રજીસ્ટ્રેશન વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ તા.૨૪.૦૮.૨૦૨૨ ના રોજ રસીદ નં.૨૨૯૦૭૧ થી રૂ.૪૭૨.૦૦ ભરપાઈ કરેલ છે. ત્યારબાદ તા.૨૬.૦૮.૨૦૨૨ના રોજ સ્થળ પર હાજર ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા સર્વેની કામગીરી કરેલ છે જેમાં સ્થળ પર માંગેલ લોડવધારા વાળો શેડ અને બીજા શેડ વચ્ચે બે શટર રાખેલ હોવાથી કંપનીના નિયમ મુજબ તેમને જે સ્થળે લોડ વધારો માંગેલ છે, તે શેડ બીજા શેડ સાથે સંલગ્ન ન હોવો જોઈએ તે બાબતે સર્વે સમયે હાજર ગ્રાહક પ્રતિનિધિને વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા માહિતગાર કરવામાં આવેલ. તે બદલ તેમના દ્વારા સર્વે રજીસ્ટરમાં સહી પણ કરી આપેલ છે.

૩.૪ તા.૨૭.૦૮.૨૦૨૨ ના રોજ અંકુરભાઈ વેકરિયા (ગ્રાહક પ્રતિનિધિ, કોંન્ટ્રાકટર) ને વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા સ્થળપરની વાસ્તવિકતા છે તેના ફોટોગ્રાફ્સ ફોનમાં મોકલવેલ છે અને ફોનમાં સદર કેસ બાબતે જાણ કરેલ છે. વધુમાં આ બાબતે વાવડી પેટાવિભાગીય કચેરી પત્ર નં. ૧૩૩૫૭, તા.૨૯.૦૮.૨૦૨૨ થી અરજદારને જાણ કરેલ છે.

## ::હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી ભાવેશભાઈ મોહનભાઈ ભૂત ગ્રાહક નં. ૩૪૫૧૩/૪૭૮૬૧/૬ થી નું એન.આર.જી.પી. ટેરીફનું ૧૨ કીવોનું વીજજોડાણ P-5/B શિવ ઇન્ડસ્ટ્રીયલ એરિયા કોઠારિયા રોડ રાજકોટ ખાતે વાવડી પેટાવિભાગીય કચેરી હેઠળ ધરાવે છે.

૪.૨ સદર વીજજોડાણમાં અરજદાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૨.૦ મુજબની વિગતે અરજદાર દ્વારા વીજભાર વધારાની અરજી વાવડી પેટાવિભાગીય કચેરીમાં તા.૦૧.૦૬.૨૦૨૨, તા.૨૦.૦૬.૨૦૨૨ ત્યારબાદ ઓનલાઈન એમ કુલ ૦૪ વખત અરજીની નોંધણી કરાવેલ પરંતુ સબંધક કચેરીમાં રૂબરૂ રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૩ ઉપરોક્ત મુદ્દા નં ૪.૨ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકારની રજૂઆત મુજબ અરજદાર દ્વારા ઓનલાઈન અરજી નં -૫૪૩૨૨૨ અને ૫૫૭૩૫ થી કરેલ જેનો રીપોર્ટ ચકાસણી કરતાં નિયત સમયમર્યાદામાં સંલગ્ન કચેરી દ્વારા કાર્યવાહી કરેલ ન હોવાથી સદર અરજીઓ રદ થયેલ છે.

૪.૪ અરજદાર દ્વારા રજુ કરેલ સદર વીજભાર વધારાના એ-૧ ફોર્મ તા.૧૫.૦૭.૨૦૨૨ શરત નં - ૧૨,૧૩ અને ૧૪ મુજબ અરજદારના નામે પી.જી.વી.સી.એલ.ના કાર્યક્ષેત્રમાં વીજજોડાણ અન્વયે કોઇપણ બાકી લેણી રકમ હોયતો તેની વિગતવાર સ્પષ્ટતા અરજદારે આપવાની હોય છે, તેમજ સદર બાબતે અરજદારના નામે અન્ય વીજજોડાણના નાણા બાકી હોય, જે ભરપાઈ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ રૂબરૂ પેટાવિભાગીય કચેરી દ્વારા જાણ કરવામાં આવેલ, તે મુજબ નીચે મુજબના વીજજોડાણોમાં વીજ રકમ બાકી જણાવેલ છે.

| BHAVESHBHAI MOHANBHAI BHUT PENDING BILL as on 25.06.22 and 15.07.22 | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Sr. No. | Consumer Name | CON. NO. | BILL DATE | LAST DATE | AMOUNT ARR. | PAID DATE |
| 1 | BHAVESHBHAI MOHANBHAI BHUT | 34513/33991/8 | 20.05.22 | 30.05.22 | 13871.98 | 05.07.22 |
| 2 | BHAVESHBHAI MOHANBHAI BHUT | 34513/33416/9 | 20.05.22 | 30.05.22 | 13021.4 | 26.07.22 |
| 3 | BHAVESHBHAI MOHANBHAI BHUT | 34513/39479/0 | 22.04.22 | 02.05.22 | 8911.22 | 18.07.22 |
| 4 | BHAVESHBHAI MOHANBHAI BHUT | 34513/39482/0 | 23.05.22 | 02.06.22 | 33897.36 | 16.07.22 |
| 5 | BHAVESHBHAI MOHANBHAI BHUT | 34513/41006/0 | 23.05.22 | 02.06.22 | 6030.95 | 16.07.22 |
| 6 | BHAVESHBHAI MOHANBHAI BHUT | 34513/44381/2 | 23.05.22 | 02.06.22 | 23605.92 | 26.07.22 |
| | | | | | 99338.83 | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારના નામે વીજબીલની રકમ બાકી જણાવેલ હતી તે તારીખ : ૨૬.૦૭.૨૦૨૨ સુધીમાં ભરપાઈ થતા, અરજદારની વીજભાર વધારાની અરજીની નોંધણી ૧૫૨૪૭૨૫૬ થી કરેલ જે અન્વયે અરજદાર દ્વારા તા.૨૪.૦૮.૨૦૨૨ ના રોજ જરૂરી નોંધણી ફી રૂ.૪૭૨/- ભરપાઈ કરેલ જે અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારના સદર વીજજોડાણ વાળી જગ્યાની સ્થળ તપાસ ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં કરાયેલ તે મુજબ સદર શેડ અને બાજુમાં આવેલ શેડ વચ્ચે

૦૨ શટર આવેલ હોવાથી અવર-જવર થઇ શકે તેવી વ્યવસ્થા હોવાથી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૨૯.૦૮.૨૦૨૨ ના લેખિત પત્ર દ્વારા અરજદારને સદર બાબતે અલગ પ્રીમાઇસીસ કરવા તેમજ થયેલ કાર્યવાહીનો આધાર-પુરાવા સાથે દીવસ-૧૦ માં જવાબ રજુ કરવો અન્યથા અરજી રદ ગણવામાં આવશે તે અંગેની જાણકારી આપેલ છે.

૪.૬ અરજદાર દ્વારા મુદ્દા નં ૨.૦ ની વિગતે ત્રણ વખત ઓનલાઈન અરજી કરેલ હતી, જે અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા ક્ષતિપૂર્તિ સૂચવવાની કાર્યવાહી કરાયેલ હોત અને અરજદારને સહમત કરાવેલ હોત તો સદર બાબતનો નિકાલ પેટાવિભાગીય કચેરી દ્વારા થઇ શકેલ હોત, પરંતુ આ કાર્યવાહી કરવામાં પી.જી.વી.સી.એલ. ની સંલગ્ન કચેરી નિષ્ફળ રહી છે તેની ફોરમ દ્વારા નોંધ લેવામાં આવેલ છે. વધુમાં અરજદાર દ્વારા મૌખિક રજૂઆતમાં જણાવ્યા મુજબ જે તે સ્ટાફનો અભિગમ ઘણો જ નકારાત્મક રહેલ હતો, જેથી અરજદારને ફોરમ સમક્ષ ફરિયાદ કરવાની ફરજ પડેલ છે. આવા કારણોસર સદર બાબતે કાર્યપાલક ઈજનેર દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તેવી ખાસ સુચના આપવામાં આવે છે તેમજ જરૂર જણાય તો જવાબદાર અધિકારી/ કર્મચારી સામે કંપનીનાં નિયમ મુજબની કાર્યવાહી કરવી. તેમજ સદર બાબતે ભવિષ્યમાં સદર પ્રકારની ભૂલનું પુનરાવર્તન ન થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૭ ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા અરજદારની રજૂઆત મુજબ પી.જી.વી.સી.એલ. દ્વારા ખૂટતા આધાર-પુરાવા રજુ કરવા અરજદારને તા.૨૯.૦૮.૨૦૨૨ થી લેખિતમાં જાણકારી અપાયેલ છે, જેની પૂર્તતા અરજદાર દ્વારા કરાયા બાદ કંપનીના નિયમ મુજબ વીજભાર વધારો મંજુર કરવાની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૮ સદર કેઈસમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ અને ૪.૭ મુજબ હુકમ કરવામાં આવે છે, તેમજ કરાયેલ કાર્યવાહીનો વિગતવાર રીપોર્ટ દિવસ-૨૦ માં રજુ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને જાણ કરવામાં આવે છે.

૪.૯ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.